# JUNIOR CLERK MOCK TEST 08

Name : ____________________

Roll No. : ____________________

Marks : 100

1. આદ્ય શક્તિનાં સ્વરૂપો અને તેના સ્થાનકોની જોડીઓ પૈકી કઈ જોડી સાચી નથી ?
(A) તાંતણીયા ધરા ઉપર – ખોડિયાર માતા
(B) ગિરનારની ટૂંક ઉપર – મા કાળકા
(C) કતપુર પાસેના હુવા પાસે – માં ચામુંડા
(D) પોરબંદર પાસે મિયાણી – હર્ષદમાતા

2. નીચેના જોડકાઓ પૈકી કયું સાચું નથી ?
(A) કઠપૂતલી – રાજસ્થાન
(B) બોમ્બાલટટમ – આંધ્રપ્રદેશ
(C) રાવણ છાયા – ઓડીસા
(D) પવકૂથુ – કેરલ

3. ગુજરાત રાજ્યમાં સરદાર સ્વરાજ આશ્રમ કયાં આવેલો છે ?
(A) કરમસદ (B) બારડોલી
(C) ધર્મજ (D) ઉવારસદ

4. શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી કયા આવેલી છે ?
(A) વેરાવળ (B) વિસાવદર
(C) સાવરકુંડલા (D) માંગરોળ

5. પૌરાણીક પરંપરા અનુસાર દેવોના પ્રથમ સ્થપતિ કોણ હતા ?
(A) વિશ્વકર્મા (B) ધર્મકર્મા
(C) દેવકર્મા (D) ઈન્દ્રકર્મા

6. શ્રીલંકામાંથી પ્રાપ્ત થયેલા કયા બૌધ્ધગ્રંથોમાંથી મૌર્યવંશની માહિતી મળી આવે છે ?
(A) મહાવંશ (B) દીપવંશ
(C) (A) અને (B) બંને (D) એક પણ નહીં

7. સોલંકી કાળ દરમિયાન નીચેના પૈકી કઈ કાલગણનાનો ઉપયોગ થતો હતો ?
(i) વિક્રમ સંવત (ii) સિંહ સંવત
(A) ફક્ત (i) (B) ફક્ત (ii)
(C) (i) અને (ii) બંને (D) (i) અને (ii) પૈકી કોઈ નહીં

8. ચૌસાનું યુધ્ધ કોની વચ્ચે થયું હતું ?
(A) અકબર અને હેમુ (B) હુમાયુ અને હેમુ
(C) અકબર અને બહાદુરશાહ (D) હુમાયુ અને શેરખાન

9. ગાંધીજી ઉપર લખાયેલ પુસ્તક 'ગાંધીજી ઈન ચંપારણ'ના રચયિતા કોણ છે ?
(A) જયપ્રકાશ નારાયણ (B) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ
(C) ડૉ. તેન્ડુલકર (D) ચંદ્રશંકર શુકલ

10. ઈ.સ. 1902માં અમદાવાદ ખાતે મળેલ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસનું 18મું અધિવેશન નોંધપાત્ર હતું કારણકે તેમાં સૌપ્રથમ વખત બે ગુજરાતી મહિલાઓએ ભાગ લીધો હતો. તેઓ કોણ હતા ?
(A) હરકોરબાઈ અને રાકમબાઈ
(B) વિદ્યાબેન નીલકંઠ અને શારદાબેન મહેતા
(C) જીવકોરબેન અને સુલોચનાબેન દેસાઈ
(D) કસ્તુરબા ગાંધી અને અનસુયાબેન સારાભાઈ

11. ગુજરાત રાજ્યની પ્રથમ વિધાનસભાની સભ્યોની સંખ્યા કેટલી હતી ?
(A) 132 (B) 134 (C) 138 (D) 158

12. કુદરતી ગેસના ઉદ્ભવ સ્થાન તરીકે જાણીતું સ્થળ જણાવો.
(A) લુણાવાડા (B) ગાંધાર
(C) કલોલ (D) આહવા

13. નીચે પૈકી કયા ગ્રહ આંતરીક ગ્રહ નથી ?
(A) ગુરૂ (B) બુધ
(C) શુક્ર (D) મંગળ

14. પૃથ્વીનું ભૂગર્ભ .............. નામે ઓળખાય છે.
(A) સિયાલ (B) નિફે
(C) સાઈમા (D) મેન્ટલ (મિશ્રાવરણ)

15. કેન્દ્રશાસિત પ્રદેશ અંદમાન–નિકોબારનું રાજ્ય પ્રાણી ..........છે.
(A) ટપકાંવાળું હરણ (B) ડુગોંગ
(C) કસ્તૂરી હરણ (D) ગયાલ બળદ

16. રેશમના કીડાના મુખમાંથી નીકળતો પદાર્થ ............ તરીકે ઓળખાય છે જેમાંથી રેશમ લેવામાં આવે છે.
(A) વેલ્લી (B) કોયા
(C) ક્યુરીંગ (D) જરીલા

17. ફ્રાંસીસ માર્ટીને પોંડીચેરીની સ્થાપના કયારે કરી હતી ?
(A) 1674 (B) 1700
(C) 1680 (D) 1650

18. પ્રથમ એંગ્લો મૈસુર યુદ્ધ વખતે અંગ્રેજ ગવર્નર કોણ હતો ?
(A) કોર્નવોલીસ (B) વેલેસ્લી
(C) હેસ્ટીંઝ (D) રોબર્ટકલાઈવ

19. પંડિત ભિમસેન જોષી કયા ઘરાનાના છે ?
(A) જયપુર (B) ગ્વાલિયર
(C) કિરાના (D) આગ્રા

20. ગીતગોવિંદ પુસ્તકના રચયિતા કોણ છે ?
(A) જયદેવ (B) અમરસિંહ
(C) ભવભૂતિ (D) એકપણ નહીં

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

21. રાજ્ય સરકાર સ્થાનિક સ્વરાજ સંસ્થા પર નિયંત્રણ કઈ રીતે કરે છે ?
(A) કાયદા દ્વારા (B) નિયમો દ્વારા
(C) નિયંત્રણો દ્વારા (D) આપેલ તમામ

22. મંડલ પંચાયતની ભલામણ કોના દ્વારા કરવામાં આવી હતી ?
(A) બળવંતરાય મહેતા (B) નરસિંહમન સમિતિ
(C) અશોક મહેતા સમિતિ (D) એકપણ નહીં

23. PESA ACT 1996 નીચેનામાંથી કયા રાજ્યને લાગુ પડતું નથી ?
(A) રાજસ્થાન (B) ગુજરાત
(C) મહારાષ્ટ્ર (D) પં.બંગાળ

24. 'લોકશાહી અને વિકાસ માટે પંચાયતી રાજ સંસ્થાઓના પુનરોદ્ધાર' માટેની સમિતિના અધ્યક્ષ કોણ હતા ?
(A) એલ.એમ.સિંઘવી (B) એન.કે.પી.સાલ્વે
(C) કે.સી.પંત (D) જી.વી.કે. રાવ

25. સ્થાનિક સ્વશાસનની સર્વોત્મ વ્યાખ્યા આ કરી શકાય છે કે આ ....... એક પ્રયોગ છે.
(A) પ્રત્યક્ષ લોકશાહીનો (B) વહિવટી પ્રતિનિધી મંડળનો
(C) લોકશાહી વિકેન્દ્રીકરણનો (D) સંઘવાદનો

26. જનપ્રતિનિધિત્વ કાનુન, 1951 અંતર્ગત કોઈ સભ્યની ગેરલાયકાત અંગેના પ્રશ્નમાં કોનો નિર્ણય અંતિમ ગણાય છે ?
(A) સર્વોચ્ચ ન્યાયાલય (B) રાજ્યસભાના સભાપતિ
(C) રાષ્ટ્રપતિ (D) સંસદ

27. અલાયદા રેલ્વે અંદાજપત્રની પરંપરા 2016 સુધી પ્રચલિત હતી. આ પરંપરા કયારથી શરૂ થઈ હતી ?
(A) 1853 (B) 1910
(C) 1950 (D) 1921

28. લોકસભામાં નીચેના પૈકી કઈ મતદાનની પ્રક્રિયાનો પ્રકાર નથી ?
(A) વિભાજન મત (B) ગુપ્ત મત
(C) બ્લાઈન્ડ મત (D) સ્લીપ્સના વિતરણ દ્વારા મત

29. વ્યક્તિગત રીતે મંત્રીઓ બંધારણીય રીતે કોને જવાબદાર છે ?
(A) પ્રધાનમંત્રી (B) લોકસભાના અધ્યક્ષ
(C) રાષ્ટ્રપતિ (D) એકપણ નહીં

30. નીચેના પૈકી કઈ ભારતની સંસદની નાણાકિય સ્થાયી સમિતિ નથી ?
(A) વાણીજ્ય સમિતિ (B) અંદાજ સમિતિ
(C) જાહેર ઉપક્રમ સમિતિ (D) જાહેર હિસાબ સમિતિ

31. નાયબ મુખ્યમંત્રીના હોદાની રચના કોના દ્વારા કરાઈ છે ?
(A) ભારતના બંધારણ દ્વારા (B) સંસદ દ્વારા
(C) ઉપરોક્ત બંને (D) એકપણ નહીં

32. Rh ફેક્ટર નામ કોની સાથે સંબંધિત છે ?
(A) વાંદરા સાથે (B) રીંછ સાથે
(C) મનુષ્ય સાથે (D) કુતરા સાથે

33. CFL એટલે........
(A) Complete Fluorescent Lamp
(B) Compact Fluorescent Lamp
(C) Composit Fluorescent Light
(D) Concessional Fluorescent Lamp

34. પોટાશ ફટકડી પાણીના શુદ્ધિકરણમાં ઉપયોગી છે કારણ કે......
(A) સૂક્ષ્મ જીવોને મારી નાખે છે.
(B) પાણીની કઠિનતા દૂર કરે છે ?
(C) તે કોલોઈડલ સોલ્યુશનને અવરોધે છે.
(D) પાણી નરમ રાખે છે.

35. જૈવિક રાસાયણિક પ્રક્રિયાઓ માટે કયું વિટામિન જરૂરી છે ?
(A) વિટામિન– D (B) વિટામિન– C
(C) વિટામિન– B (D) વિટામિન– A

36. કેશોદમાં આવેલું એરોડ્રામ કોણે બંધાવ્યું હતું.
(A) મહોબાતખાન–3 (B) મહોબાતખાન–3
(C) બહાદુરખાન–2 (D) રસુલખાન

37. જ્યોતિગ્રામ યોજના કયા મુખ્યમંત્રીએ શરૂ કરાવી હતી ?
(A) કેશુભાઈ પટેલ (B) છબીલદાસ મહેતા
(C) અમરસિંહ ચૌધરી (D) એકપણ નહીં

38. ઉચ્ચ ગુણવતા ધરાવતા ડોટ મેટ્રીક પ્રિન્ટરમાં કેટલી પીન વપરાશે ?
(A) 8 (B) 12 (C) 21 (D) 24

39. નેટવર્કની સ્થાપના માટે દરેક કમ્પ્યૂટરમાં કયું કાર્ડ હોવું જોઈએ ?
(A) NIC (B) NOC
(C) INTEL (D) IBM

40. નીચેના પૈકી કઈ નદી દાહોદમાંથી વહે છે ?
(A) પાનમ (B) અનાસ
(C) દુધમતી (D) આપેલ તમામ

41. કયા તાલુકામાં નવખંડા પાશ્વનાથનું મંદિર આવેલું છે ?
(A) વલભીપુર (B) ઘોઘા
(C) મજાદર (D) ભાવનગર

42. આમોદ તાલુકો કયા જિલ્લામાં આવે છે ?
(A) વડોદરા (B) નવસારી
(C) ભરૂચ (D) વલસાડ

43. ગાંધીજીના અંતેવાસી મહાદેવભાઈ દેસાઈનો જન્મ કયા થયો હતો ?
(A) સુરત (B) તાપી
(C) નવસારી (D) પોરબંદર

44. નારંગ કપ કઈ રમત સાથે સંકળાયેલ છે ?
(A) બાસ્કેટ બોલ (B) ટેબલ ટેનિસ
(C) પોલો (D) બેડમિન્ટન

45. બેલગામ અથવા બેલગાવી જિલ્લો તાજેતરમાં ચર્ચામાં હતો. તે કયા બે રાજ્યની સરહદ વિવાદ સાથે સંકળાયેલ છે ?
(A) મહારાષ્ટ્ર–મધ્યપ્રદેશ (B) મહારાષ્ટ્ર–કર્ણાટક
(C) મહારાષ્ટ્ર–ગોવા (D) મહારાષ્ટ્ર–ગુજરાત

46. 'વિશ્વ બ્રેઈલ દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?
(A) 1 જાન્યુઆરી (B) 2 જાન્યુઆરી
(C) 3 જાન્યુઆરી (D) 4 જાન્યુઆરી

47. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'ભારતીય વિજ્ઞાન કોંગ્રેસ' (Indian Science Congress)ના કેટલામાં સત્રનું ઉદ્ઘાટન કર્યુ હતું ?
(A) 108મા (B) 110મા
(C) 111મા (D) 114મા

48. તાજેતરમાં સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથસિંહે કયા રાજ્યમાં 'સિયોમ પુલ' (Siyom Bridge)નું ઉદ્ઘાટન કર્યુ છે ?
(A) હિમાચલ પ્રદેશ (B) અરૂણાચલ પ્રદેશ
(C) નાગાલેન્ડ (D) મણિપુર

49. વર્ષ 2022નો અંગ્રેજી ભાષા માટેનો 'સાહિત્ય અકાદમી એવોર્ડ' કોને એનાયત થયો છે ?
(A) સુશ્રી અનુરાધા રોય (B) શ્રી અનુરાધા શર્મા
(C) સુશ્રી અનિતા ગુપ્તા (D) સુશ્રી મિનાક્ષી શર્મા

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

50. પ્રથમ પાંડુલિપી સંગ્રાહાલય/પ્રથમ હસ્તપ્રત મ્યુઝિયમ કયા આવેલું છે ?
(A) તમિલનાડું (B) કર્ણાટક
(C) કેરળ (D) તેલંગણા

51. નીચે આપેલ વાક્યના છંદનો પ્રકાર જણાવો.
ના તારો અપરાધ આમ ત્યજવા જેવો લગારે થયો.
(A) હરિગીત (B) શાર્દૂલવિક્રીડિત
(C) સવૈયા (D) સ્ત્રગ્ધરા

52. નીચે આપેલ સાદા વાક્યોને જોડતાં યોગ્ય સંયોજક જણાવો.
મારે માણસના મનમાં પડેલા દુકાળને દૂર કરવો છે. લીલી ધ્રોને ઉગાડવી છે.
(A) ત્યાં (B) તો
(C) પણ (D) અથવા

53. નીચે આપેલા વાક્યમાંથી ખોટા પદપ્રત્યય શોધી વિકલ્પોમાંથી સાચો પ્રત્યય જણાવો.
માનગઢના ખેતુફળિયાનું અંતર નજીક છે.
(A) ની (B) માં (C) એ (D) થી

54. નીચે આપેલ રેખાંકિત પદનો કૃદંતનો પ્રકાર જણાવો.
<u>ભણેલી</u> સ્ત્રી સુખમાં ગમ્મત આપે છે.
(A) વર્તમાનકૃદંત (B) ભૂતકૃદંત
(C) સામાન્યકૃદંત (D) વિધ્યર્થ કૃદંત

55. નીચે આપેલ વાક્યનો નિપાત ઓળખાવો.
મારા માટે તેણે બે વેણેય કહ્યા નથી.
(A) ય (B) માટે
(C) બે (D) એક પણ નિપાત નથી

56. નીચે આપેલ વાક્યમાંથી રેખાંકિત ક્રિયાવિશેષણનો પ્રકાર જણાવો.
શિવમે <u>ધડામ દઈને</u> બારણું બંધ કર્યું.
(A) અભીગમવાચક (B) રીતવાચક
(C) સ્થળવાચક (D) હેતુવાચક

57. નીચેના વાક્યમાંથી લીટી દોરેલ શબ્દનો સમાસ ઓળખાવો. :
નરસિંહ મહેતાએ શ્રીકૃષ્ણની ભક્તિ <u>મનવચનકર્મથી</u> કરી.
(A) તત્પુરુષ (B) દ્વંદ્વ
(C) અવ્યવીભાવ (D) બહુવ્રીહી

58. સંધિ જોડો. : હલ + આયુધ
(A) હલોયુદ્ધ (B) હલાયુદ્ધ
(C) હલાયુધ (D) હલેઆયુદ્ધ

59. 'ખોરડું' કઈ બોલીનો શબ્દ છે ?
(A) પટ્ટણી (B) સૌરાષ્ટ્રી
(C) સુરતી (D) ચરોતરી

60. કહેવતનો અર્થ જણાવો.
બાઈ બાઈ ચાળણી
(A) અઢળક ખર્ચ કરવો અને કરકસરનો દેખાવ કરવો.
(B) જે કંઈ બચ્યું તે જ લાભવાળું.
(C) જુદાં-જુદાં બહાના બતાવવા.
(D) પોતાની જવાબદારી બીજાની શિરે ઢોળી દેવી.

61. રૂઢિપ્રયોગનો અર્થ આપો. - મનમાં ગાંઠ વાળવી
(A) મનોમંથન કરવું (B) મનમાં ઈચ્છા કરવી
(C) મનોમન નકકી કરવું (D) મનમાં વશી જવું

62. ઈચ્છા પ્રમાણે ફળ આપતું વૃક્ષ' – શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.
(A) અશ્વત્થામા વૃક્ષ (B) કલ્પવૃક્ષ
(C) બોધિવૃક્ષ (D) શીમળાનું વૃક્ષ

63. આપેલ શબ્દનો અર્થ (શબ્દ સમજૂતી) દર્શાવો. - ધોરવું
(A) એકી ટશે જોવું (B) ઊંઘવું
(C) ખરીદવું (D) ભેંસ

64. નીચે આપેલ વિકલ્પોમાંથી સાચો વિરોધી શબ્દ લખો.
(A) ઉપકાર × અપકાર (B) ગર્વ × અભિમાન
(C) નેહ × સ્નેહ (D) ઠાઠ × વૈભવ

65. નીચે આપેલા શબ્દનો સાચો સમાનાર્થી શબ્દ જણાવો.
રાજીવ
(A) જીવંત (B) સરોજ (C) રાજા (D) હાર

66. નીચેના શબ્દના સાચી રીતે છૂટા પાડેલા સ્વર-વ્યંજનો (ધ્વનિ શ્રેણી) વિકલ્પમાંથી શોધો.
બિંદુ
(A) બ્ + ઈ + ન્ + દ્ + ઉ
(B) બ્ + ઈ + ન્ + દ્ + ઉ્
(C) બ્ + ઉ + ન્ + દ્ + અ
(D) બ્ + ઈ + ન્ + દ્ + ઊ

67. ખોટી જોડણી શોધો.
(A) ભાખોડિયું (B) પ્રાદૂર્ભૂત
(C) ડૂસકું (D) યાજ્ઞસેની

68. 'મારો અસબાબ' વાર્તા લેખિકાના કયા વાર્તાસંગ્રહ માંથી લેવામાં આવ્યું છે ?
(A) 'મારો રાગ મારો અસબાબ'
(B) 'મારો રાગ'
(C) 'મારો અસબાબ મારો રાગ'
(D) 'મારો અસબાબ'

69. 'માતાનું સ્મારક'- કૃતિ કયા વાર્તાસંગ્રહમાંથી લેવામાં આવ્યું છે ?
(A) હીરાકણી અને બીજી વાતો
(B) તણખામંડળ - ભાગ - 1
(C) દ્વિરેફની વાર્તા - ભાગ - 1
(D) મોહમ્મદ માંકડની વાર્તાઓ ભાગ - 1

70. સોનેટનો ઉદ્‌ભવ ક્યાં થયેલો ગણાય છે ?
(A) ઈટાલી (B) અમેરિકા
(C) જાપાન (D) જર્મની

71. Give plural form of 'Index'.
(A) Indexis (B) Indices
(C) Indexes (D) Indesis

72. ________ of the three bags was good.
(A) neither (B) none
(C) either (D) every

73. Little water is in the bottle, ________
(A) isn't it ? (B) is it ?
(C) does it ? (D) wasn't it ?

74. All ______ glitters is not gold.
(A) which (B) that
(C) what (D) who

INSTITUTE FOR COMPETITIVE EXAMS

75. Distribute the sweets equally _______ five children.
(A) among (B) in
(C) between (D) through

76. My name is ____ in the list.
(A) latest (B) last
(C) late (D) later

77. Lead is a ______ metal than any other metal.
(A) heavier (B) more heavier
(C) heavy (D) heaviest

78. What ______ you like to drink, tea or coffee ?
(A) must (B) may
(C) can (D) would

79. Tendulkar generally _________ very well.
(A) playing (B) plays
(C) played (D) none

80. Have you invited her ? - turn into passive voice.
(A) Have you been invited by her ?
(B) Have she been invited by you ?
(C) Has she been invited by you ?
(D) Has she invited by you ?

81. Payal may not like the ring. - Convert into Passive Voice.
(A) Payal did not like the ring.
(B) The ring was not liked by Payal.
(C) The ring may not be liked by Payal.
(D) The ring is not liked by Payal.

82. I said, "I can drive a car."
(A) I said that we could driven a car.
(B) I said that we could drive a car.
(C) I said that I can drove a car.
(D) I said that I could drive a car.

83. I said, "I shall try to support her."
(A) I said that I would try to support her.
(B) I said that I shall try to support she.
(C) I told that I should try to support her.
(D) I said that we should try to support her.

84. Which of the following words is not a synonym of 'swagger'?
(A) Pomposity (B) Bluster
(C) Braggadocio (D) Strut

85. Choose the correct synonym of the word 'ABDICATE'.
(A) Join (B) Search
(C) Abandon (D) Advance

86. Which of the following word is antonym of 'brilliant'?
(A) lambent (B) refulgent
(C) lacklustre (D) effulgent

87. Which of the following words is not an antonym of tawdry?
(A) Elegant (B) Plain
(C) Garish (D) Refined

88. Collateral (Choose the correct meaning).
(A) Partnership (B) Indemnity
(C) Mistaken (D) Furniture

89. A person who is a strict disciplinarian is called _____
(A) Megalomaniac (B) Claustrophobe
(C) Martinet (D) Hypochondriac

90. Select appropriate one word for 'one who leads an austere life'.
(A) aesthetic (B) ascetic
(C) bohemian (D) debonair

91. 4 થી 84 સુધી આવતી 4 વડે નિઃશેષ ભાગી શકાય તેવી સંખ્યાઓને ઊલટા ક્રમમાં (વધારેથી ઓછી) ગોઠવવામાં આવે તો 7માં ક્રમે કઈ સંખ્યા હશે?
(A) 56 (B) 64 (C) 68 (D) 60

92. બે આંકડાની એક સંખ્યા કે જેનો સરવાળો 7 થાય છે. બંને આંકડાને અરસપરસ બદલવાથી તે અંકમાં 27 વધે છે, તો તે સંખ્યા કઈ હશે?
(A) 35 (B) 25 (C) 52 (D) 23

93. એક સંખ્યામાંથી 8 બાદ કરી 5 વડે ભાગીએ અથવા તે જ સંખ્યામાં 13 ઉમેરી 8 વડે ભાગીએ, તો જવાબ સરખા આવે છે, તો તે સંખ્યા શોધો.
(A) 52 (B) 42 (C) 43 (D) 45

94. 16641નું વર્ગમૂળ કેટલું હશે ?
(A) 121 (B) 131 (C) 129 (D) 211

95. $(1.3)^3 - (0.6)^3 - (0.7)^3$ની કિંમત ........ મળે.
(A) 0 (B) 1.638
(C) 1.863 (D) 1.368

96. જો $(2x + 3)/(x - 2) = 1/4$ હોય, તો x ........
(A) (-4) (B) 4 (C) (-2) (D) 2

97. અમીતને તેના પિતાએ આપેલી રકમમાંથી 20% રકમનાં પુસ્તકો અને 25% રકમની નોટબુક, કંપાસ તેમજ 10% રકમની સ્કૂલબેગ ખરીદી અને તેણે બાકી વધેલી રકમ રૂ. 1350 તેના પિતાને પરત આપી. તો તેના પિતાએ તેને ખરીદી માટે કેટલી રકમ આપી હશે ?
(A) રૂ. 2,500 (B) રૂ. 2,800
(C) રૂ. 3,000 (D) રૂ. 3,200

98. રૂ. 6,000નું 6%ના દરે 3 માસનું વ્યાજમુદલ શું થાય ?
(A) રૂ. 90 (B) રૂ. 1080
(C) રૂ. 6090 (D) રૂ. 7080

99. રમા પુષ્પા કરતાં ઊંચી છે, પણ બીના જેટલી ઊંચી નથી, બેલા સુજાતા કરતાં ઊંચી પણ પુષ્પા જેટલી ઊંચી નથી, આ બધામાં સૌથી ઊંચું કોણ છે ?
(A) સુજાતા (B) પુષ્પા
(C) બીના (D) રમા

100. જો + બરાબર ×, - બરાબર ÷, ÷ બરાબર + અને × બરાબર - હોય તો $20 \div 40 - 4 \times 5 + 6$ બરાબર કેટલા થાય?
(A) 50 (B) 0 (C) -15 (D) 15

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## JUNIOR CLERK MOCK TEST 08

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1. (C) | 11.(A) | 21.(D) | 31.(D) | 41.(B) | 51.(B) | 61.(C) | 71.(B) | 81.(C) | 91.(D) |
| 2. (B) | 12.(B) | 22.(C) | 32.(A) | 42.(C) | 52.(A) | 62.(B) | 72.(B) | 82.(D) | 92.(B) |
| 3. (B) | 13.(A) | 23.(D) | 33.(B) | 43.(A) | 53.(D) | 63.(C) | 73.(B) | 83.(A) | 93.(C) |
| 4. (A) | 14.(B) | 24.(A) | 34.(C) | 44.(D) | 54.(B) | 64.(A) | 74.(B) | 84.(C) | 94.(C) |
| 5. (A) | 15.(B) | 25.(C) | 35.(C) | 45.(B) | 55.(A) | 65.(B) | 75.(A) | 85.(C) | 95.(B) |
| 6. (C) | 16.(B) | 26.(C) | 36.(A) | 46.(D) | 56.(B) | 66.(A) | 76.(B) | 86.(D) | 96.(C) |
| 7. (C) | 17.(A) | 27.(D) | 37.(D) | 47.(A) | 57.(B) | 67.(B) | 77.(A) | 87.(C) | 97.(C) |
| 8. (D) | 18.(D) | 28.(C) | 38.(D) | 48.(B) | 58.(C) | 68.(C) | 78.(D) | 88.(B) | 98.(C) |
| 9. (B) | 19.(C) | 29.(C) | 39.(A) | 49.(A) | 59.(B) | 69.(D) | 79.(B) | 89.(C) | 99.(C) |
| 10.(B) | 20.(A) | 30.(A) | 40.(D) | 50.(C) | 60.(D) | 70.(A) | 80.(C) | 90.(B) | 100.(B) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS